બુક બર્ડ પબ્લિકેશન

GPSC, PSI, ASI, તલાટી, બિનસચિવાલય, TET, TAT, વનરક્ષક, ગ્રામસેવક, મુખ્યસેવિકા
તેમજ અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી

# સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી ગુજરાતી શબ્દભંડોળ

- તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી
- ગુજરાતી ભાષાના અવનવા પરીક્ષાલક્ષી શબ્દોનો સમાવેશ
- ધોરણ-૫થી ૧૨નાં પાઠ્યપુસ્તકો તથા સંદર્ભ ગ્રંથોનો આધાર
- સમાનાર્થી, વિરુદ્ધાર્થી, શબ્દભેદ : અર્થભેદ, રૂઢિપ્રયોગો, કહેવતો, શબ્દસમૂહ માટે એક શબ્દ, તળપદા શબ્દોનાં શિષ્ટરૂપ વિશે શબ્દકોશ મુજબ ગોઠવણી

ઉપરાંત 600+ પ્રશ્નો

લેખિકા
પ્રા. આશાબહેન સી. પટેલ

સંપાદક
ભાવિન પટેલ, વિશાલ ચૌધરી

BOOK BIRD™
Educational Institute
Publication | Academy | Library

SHOP NOW

બુક બર્ડ™

## સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી

# ગુજરાતી શબ્દભંડોળ

તમામ
સ્પર્ધાત્મક
પરીક્ષાઓ માટે ઉપયોગી
સંદર્ભ પુસ્તક...

ધોરણ-5થી 12નાં પાઠ્યપુસ્તકો તથા
પ્રતિષ્ઠિત સંદર્ભ ગ્રંથોના આધારે તૈયાર
કરાયેલ સંદર્ભ પુસ્તક...

ગુજરાતી ભાષાના અવનવા પરીક્ષાલક્ષી શબ્દોનો
સમાવેશ...

સમાનાર્થી, વિરુદ્ધાર્થી, શબ્દભેદ : અર્થભેદ,
રૂઢિપ્રયોગો, કહેવતો, શબ્દસમૂહ માટે એક શબ્દ,
તળપદા શબ્દોનાં શિષ્ટરૂપ વિશે શબ્દકોશ મુજબ
ગોઠવણી...

દરેક પ્રકરણના અંતે અગાઉની પરીક્ષામાં પુછાયેલા તમામ
પ્રશ્નોનો ઉત્તરસહિત સમાવેશ...

લેખક
પ્રા. આશાબહેન સી. પટેલ

સંપાદક
ભાવિન પટેલ
વિશાલ ચૌધરી

BOOK BIRD
Educational Institute
Publication | Academy | Library

બુક બર્ડ પબ્લિકેશન
"બુક બર્ડ એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂટ",
અશ્વમેધ કોમ્પ્લેક્સ, સરગાસણ ચાર રસ્તા,
ગાંધીનગર - 382421. • મો. 75758 78660

BOOK BIRD™
Educational Institute
Publication | Academy | Library

DEMO COPY

SHOP NOW

# શબ્દોની સફરે... લેખકનું નિવેદન...

''सरस्वती नमस्तुभ्यं, वरदे कामरूपिणी ।
विद्यारम्भं करिष्यामि सिद्धिर्भवतु मे सदा ॥''

આજના સ્પર્ધાત્મક યુગમાં ગુજરાત સરકાર અને વિવિધ પસંદગી મંડળ દ્વારા લેવાતી વિવિધ પરીક્ષાઓ : GPSC, PSI, ASI, તલાટી, બિનસચિવાલય, TET, TAT, વનરક્ષક, મુખ્ય સેવિકા અને ગ્રામસેવક જેવી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગુજરાતી શબ્દભંડોળનું ભારણ વધારવામાં આવ્યું છે. આ શબ્દો આપણને ખૂબ જ અઘરા પડતા હોય છે, જેના કારણે પરીક્ષામાં ખૂબ ઓછા ગુણ પ્રાપ્ત થાય છે અથવા તો તેના કારણે આપણે નક્કી કરેલ મંઝિલ સુધી પહોંચી શકતા નથી, તો આ સમસ્યાના હલ રૂપે **બુક બર્ડ** દ્વારા હું આ પુસ્તક **'ગુજરાતી શબ્દભંડોળ'** આપની સમક્ષ રજૂ કરું છું, જેથી આપને જે - તે શબ્દનો યોગ્ય અર્થ સરળતાથી મળી રહે. આ પુસ્તકમાં **સમાનાર્થી, વિરુદ્ધાર્થી, રૂઢિપ્રયોગો, કહેવતો, શબ્દભેદ : અર્થભેદ, શબ્દસમૂહ માટે એક શબ્દ, તળપદા શબ્દોનાં શિષ્ટરૂપ, શુદ્ધ-અશુદ્ધ શબ્દો** વગેરે જેવા મહત્ત્વના મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે. જેમ કે, **પોષો - ખોબો** જેવા અઘરા સમાનાર્થી શબ્દોની સાથે એના અનેકાર્થી પણ આપેલા છે. વધુમાં આ પુસ્તકમાં બધા જ પ્રકરણના શબ્દોને શબ્દકોશ પ્રમાણે રજૂ કરાયા છે. તેમજ GCERT અભ્યાસક્રમ આધારિત ધોરણ-5 થી 12 પાઠ્યપુસ્તકના શબ્દભંડોળને પણ આવરી લેવામાં આવ્યું છે. જેથી વિદ્યાર્થીઓને તે શબ્દભંડોળ પણ સરળતાથી મળી રહે. આપ સર્વે વિદ્યાર્થીમિત્રોને આ પુસ્તક સંપૂર્ણ સહાયકનું કાર્ય કરશે તેવો મને પૂરો વિશ્વાસ છે.

આ પુસ્તકના નિર્માણકાર્યમાં ઘણાબધા શુભેચ્છકોનો સિંહફાળો છે. જેમાં, **'બુક બર્ડ'**ના સંચાલક શ્રી ભાવિનભાઈ પટેલ તથા શ્રી વિશાલ ચૌધરી સાહેબનો હું આભાર માનું છું. પ્રોડક્શન વિભાગમાં આ પુસ્તકના લે-આઉટ, ટાઈપિંગ તથા સજાવટની જવાબદારી, સમય જોયા વિના, જીવ રેડીને નિભાવનાર કમલ રાણા, સમીર વાઘેલા, પરમાર રવિન્દ્રની હું આભારી છું.

તદ્ઉપરાંત, મારી પડખે ઊભા રહીને મને સતત પ્રોત્સાહન અને પ્રેરણા આપનાર મારા મિત્ર સમા જીવનસાથી ચેતન પટેલ, વંદનીય માતા-પિતા, મારી લાડકડી દ્વિતનયા, સ્નેહી પરિવારજનો, મિત્રો તેમજ **'બુક બર્ડ'**ના સર્વે કર્મચારીગણનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

**પ્રા. આશાબહેન સી. પટેલ**
**Faculty Member, 'Book Bird'**

DEMO COPY

# અનુક્રમણિકા

SHOP NOW


1. પર્યાય શબ્દો 1

2. રૂઢિપ્રયોગ 75

3. વિરુદ્ધાર્થી શબ્દો 132

4. શબ્દસમૂહ માટે એક શબ્દ 158

5. તળપદા શબ્દોનું શિષ્ટરૂપ 195

6. કહેવતો 215

7. શબ્દભેદ : અર્થભેદ 237

8. અશુદ્ધ - શુદ્ધ શબ્દો 242


DEMO COPY

SHOP NOW

SHOP NOW

# 1 પર્યાય શબ્દો

## અ

☞ **અનૃત** : મૃષાવાદ, જૂઠું, મિથ્યા, કૈતવ, અસત્ય, કાલ્પનિક

☞ **અડોઅડ** : બરોબર અડીને, જોડાજોડ, લગોલગ, પાસે, નજીક, સમીપ, અડાઅડી

☞ **આભિજાત્ય** : ખાનદાની, કુલીનતા, શ્રેષ્ઠતા

☞ **અવેજ** : મૂડી, બદલો, નાણું

☞ **આરવ** : ધ્વનિ, સાદ, રવ, નિનાદ, અવાજ, નાદ, ઘાંટો, શોર, ઘોંઘાટ, સ્વર, કલ્લોલ, કલરવ

☞ **અચંબો** : અચરજ, આશ્ચર્ય, હેરત, નવાઈ, અજાયબી, વિસ્મય

☞ **અખિલ** : આખું, સર્વ, સમગ્ર, સમસ્ત, તમામ, બધું

☞ **અણધાર્યું** : એકાએક, સહસા, એકદમ, અચાનક, ઓચિંતું

☞ **અઢળક** : ઘણુ, વધારે, અધિક, પુષ્કળ, અતિશય

☞ **અનિલ** : મારુત, અગ્નિસખા, વા, પવન, વાયુ, સમીર, વાયરો

☞ **અક્કલ** : મતિ, બુદ્ધિ, વિવેક, સમજ, ડહાપણ, સમજણ, જ્ઞાન

☞ **અમોલ** : મૂલ્યવાન, મોંઘેરું, કીમતી, અર્ઘ્ય, અમૂલ્ય, બહુમૂલ્ય, અમૂલક

☞ **અનૂઠું** : સર્વોત્તમ, અનોખું, અભૂતપૂર્વ, બેનમૂન, અપૂર્વ, અસાધારણ, અપ્રતિમ, અનુપ, અજોડ, અતુલ, અનન્ય, અદ્વિતીય, અનેરું, અનુપમ

☞ **અખંડ** : અવિભાજિત, અવિરલ, અચ્છિન્ન, આખું, અતૂટ, અક્ષત, અભંગ, પૂરેપૂરું, સમગ્ર, સંપૂર્ણ

☞ **અગ્નિ** : આતશ, વૈશ્વાનર, દેવતા, હુતાગ્નિ, ધૂમકેતુ, દહન, હુતભુજ, પાવક, લાય, લાહ, અનલ, દાવાગ્નિ, દાવાનળ

☞ **અવલોકન** : નિરીક્ષણ, પરીક્ષા, તપાસ, સમાલોચન, પર્યેષણ, સમજૂતી, અન્વીક્ષા, વિવેચન

☞ **અર્જુન** : ઈન્દ્રપુત્ર, પાર્થ, કિરીટી, કૌંતેય, ધનંજય, સવ્યસાચી, ગાંડીવપાણિ

☞ **અવજ્ઞા** : નિરાદર, અવમાનના, માનહાનિ, અવગણના, અવધારણા, અપમાન, તુચ્છકાર, અનાદર, તિરસ્કાર

☞ **અરીસો** : દર્પણ, ચાટલું, આરસી, આયનો, ખાપ, કાચ

☞ **અહર્નિશ** : વારંવાર, નિત્ય, દરરોજ, નિશદિન, સદૈવ, કાયમ, સર્વદા, સદા, નિરંતર, હંમેશા

☞ **અસ્વસ્થ** : વ્યાકુળ, અશાંત, બેચેન, સહેજ બીમાર, ગાભરું, બાવરું, ગભરાયેલું, ભયભીત

☞ **અનુભવ** : અનુભૂતિ, અહેસાસ, પ્રત્યક્ષ જ્ઞાન, જાતે જાણવું તે, ઉપભોગ, વીતક

☞ **અધિકાર** : હકૂમત, દાવો, તાબો, કાબૂ, સત્તા, અમલ, હક, પદવી

☞ **અનુરૂપ** : સગવડિયું, અનુકૂળ, યોગ્ય

☞ **અર્થ** : સમજૂતી, ધન, હેતુ, ભાવાર્થ, તાત્પર્ય

☞ **અક્ષર** : સહી, અવિનાશી, બ્રહ્મ, વર્ણ

☞ **અમી** : પાણી, મીઠાશ, અમૃત, કૃપા



SHOP NOW

☞ **શેતરંજી** : જાજમ, ગાલીચો

☞ **પાર્થિવ** : ભૌતિક, રાજા, ભૂપાળ, નૃપ, શરીર, દેહ, નશ્વર, પ્રાકૃતિક, રાજસી, સ્થૂળ, મૂર્ત, પ્રત્યક્ષ, સાંસારિક, ઐહિક, લૌકિક

☞ **પહેરેગીર** : ચોકીદાર, ચોકીયાત, ગારદી, રખવાળ, રક્ષક, સંત્રી

☞ **સન્નાટો** : શાંતિ, નીરવતા, સપાટો, ઝપાટો, સ્તબ્ધતા

☞ **હોનહાર** : આશાસ્પદ, ભવિષ્ય, ભવિતવ્યતા, આગમ, નમ્ર, સાલમ, બનનારું

☞ **સાંત્વન** : આશ્વાસન, દિલાસો, ધીરજ, શાંતિ, સ્નેહ, હિંમત

☞ **ગૃહ** : ઘર, રહેઠાણ, થાનક, મકાન, કલત્ર, સ્ત્રી, ભાર્યા, સદન, નિકેતન, ભવન, મંદિર, આવાસ

☞ **પગલી** : પગલું, ડગલું, કદમ, પા પગલું, પદપંક્તિ, શેરડી, ગાંડી, પાગલ

☞ **વસંત** : વૃક્ષોને નવપલ્લવિત કરનારી ઋતુ, આનંદ, મોજનો સમય, મરડો

☞ **સુફલિત** : ફળદ્રુપ, સારા ફળવાળું, પોષણ પામેલું, પુષ્ટ

## અગાઉની પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નો

**1. 'દીપ્તિ' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો નથી ?**
(a) તેજ (b) ચમક
(c) જ્યોતિ (d) ઘેરું

**2. 'કરાલ' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?**
(a) ભયંકર (b) ઘનઘોર
(c) ગાઢ (d) ઘેરું

**3. કયો શબ્દ 'અનુપમ'નો સમાનાર્થી છે ?**
(a) ગર્વ (b) અપૂર્વ
(c) મદ (d) આખું

**4. 'રૂઢિ'નો સમાનાર્થી શબ્દ એટલે .......**
(a) સ્થાપિત (b) મક્કમ
(c) પરંપરા (d) જડ

**5. 'સદાવ્રત' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?**
(a) ધર્મશાળા (b) અન્નક્ષેત્ર
(c) કોઠાર (d) વખાર

**6. સમાનાર્થી શબ્દ લખો : 'પૃથ્વી'**
(a) ઉર્વશી (b) ઉષ્મા
(c) ઉર્વી (d) ઉલ્કા

**7. 'મંદ'નો નજીકનો સમાનાર્થી કયો ?**
(a) ધીમું (b) ઢીલું
(c) પોચું (d) સ્થિર

**8. 'પીમળવું' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?**
(a) પીવું
(b) સુગંધ ફેલાવી
(c) બહાર જવું
(d) ફરીવાર

**9. 'સુરપતિ' શબ્દનો અર્થ જણાવો.**
(a) પુરુષ
(b) કવિ
(c) ભગવાન
(d) દેવોનો રાજા ઇન્દ્ર

**1. (d) 2. (a) 3. (b) 4. (c) 5. (b) 6. (c) 7. (a) 8. (b) 9. (d)**



DEMO COPY BOOK BIRD
SHOP NOW

# બુક બર્ડ એકેડમી ગાંધીનગર

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી વિશ્વાસપાત્ર સંસ્થા

## તલાટી । જુ.ક્લર્ક । ગ્રામસેવક । મુખ્ય સેવિકા

### જનરલ બેચમાં એડમિશન શરૂ...



**FREE** પ્રિન્ટેડ લેક્ચર મટીરિયલ

**FREE** એપ્લિકેશન કોર્સ

**FREE** મૉક ટેસ્ટ મૉડ્યૂલ

એડમિશન સાથે મેળવો

ગાંધીનગરની No.1 ફેકલ્ટી દ્વારા શિક્ષણ

3 ડેમો લેક્ચર ફ્રી

Registration Open

રજિસ્ટ્રેશન શરૂ



Book Bird
Android App
GET IT ON Google Play

વધુ માહિતી માટે સંપર્ક કરો **7575 8786 60 / 61**

'બુક બર્ડ એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂટ', અશ્વમેધ કૉમ્પ્લેક્સ, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

### અમારી અન્ય શાખાઓ

| હિંમતનગર | મહેસાણા | વિદ્યાનગર | નિકોલ, અમદાવાદ | પાલનપુર | આશ્રમરોડ, અમદાવાદ |
| --- | --- | --- | --- | --- | --- |
| 7575 8786 63 | 7575 8786 64 | 7575 8786 65 | 7575 8786 66 | 7575 8786 67 | 7573 0090 61 |

| ધોરાજી | રાજકોટ | મોડાસા | ઇડર | ડીસા | સુરેન્દ્રનગર | લુણાવાડા |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| 75730 09062 | 75730 09063 | 75730 09064 | 75730 09065 | 75730 09066 | 75730 09067 | 75730 09068 |

SHOP NOW

# 2 રૂઢિપ્રયોગ

:: રૂઢિપ્રયોગ એટલે ભાષાનો પરંપરાથી ચાલ્યો આવતો ઉપયોગ ::

જેનું મૂળ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ કે અરબી - ફારસી ભાષામાં જેવા મળતું નથી. આવા શબ્દો તળપ્રદેશમાં અગાઉથી જ રૂઢ બની વાણી વ્યવહારમાં વપરાતા હોય છે. આ રૂઢ શબ્દોનો વાક્યમાં પ્રયોગ થાય છે, જેને રૂઢિપ્રયોગ કહે છે. રૂઢિપ્રયોગ ભાષામાં વિશેષ જોમ અને સચોટ અસર બતાવી શકે છે. રૂઢિપ્રયોગમાં વપરાયેલા શબ્દો પ્રતીકાત્મક હોય છે. એટલે એમના સામાન્ય અર્થને નહીં પણ એમાંથી નીકળતા ગૂઢાર્થને સમજાવવાનો હોય છે.

## 'અકારાદિ ક્રમ પ્રમાણે'

### અ

- **અકડા અકડીનો વખત :** કટોકટીનો સમય
- **અગ્નિ ઊઠવો :** બળતરા થવી, રીસ ચડવી
- **અખત્યાર લઈ લેવો :** સત્તા લઈ લેવી
- **અડધું અડધું થઈ જવું :** અતિ હર્ષમાં આવી જવું
- **અડદ સાથે મગ ભરડવા :** વગર વિચાર્યે જેમ તેમ દીધે રાખવું
- **અક્કલના આંધળા હોવું :** મૂર્ખ હોવું, બુદ્ધિ વિનાનું હોવું
- **અક્કલ ભાડે લેવી :** બીજાની પાસે શીખવું
- **અગિયાર ગણી જવા :** નાસી જવું
- **અડધી રાતે :** ભારે અગવડને વખતે
- **અજવાળામાં આવવું :** લોકોમાં જાણીતા થવું
- **અક્કલનો બારદાન :** અતિ મૂર્ખ, બુદ્ધિ વિનાનો, અક્કલનો ઓથમીર
- **અક્કલના કાંકરા થવા :** બુદ્ધિનો ભ્રંશ થવો
- **અક્કલ મરી જવી :** મૂર્ખતા આવવી
- **અક્કલ આવવી :** સૂઝ પડવી
- **અક્કલ ગીરવે મૂકવી :** બુદ્ધિનો ઉપયોગ ન કરવો
- **અક્કલ ઉછીની લેવી :** બીજા પાસેથી શીખવું
- **અખત્યાર લઈ લેવો :** સત્તા લઈ લેવી
- **અજવાળું જોવું :** જન્મ થવો, બહાર આવવું
- **અડધો રોટલો :** માંડ પેટ પૂરતું
- **અડધો પાયો ઓછો હોવા :** જરાક ગાંડું હોવું
- **અડૂકદડૂકિયો :** બંને પક્ષથી ન્યારો રહીને પોતાની મરજી મુજબ પક્ષમાંના કોઈને મદદ કરનાર
- **અડ્ડો જમાવવો :** પ્રભાવ જમાવવો
- **અડદારો કાઢવો :** મરણતોલ માર મારવો
- **અણી ચૂકવી :** ખરી કટોકટીનો વખત વીતવો
- **અગોચર ગોચર થવું :** અજાણ્યું જાણીતું થવું
- **અહીં વાદળી ધૂન :** શૂન્ય બરાબર, નકામાં ફાંફાં
- **અબળખા અધૂરી રહેવી :** ઝંખના પૂર્ણ ન થવી
- **અડધું કરી નાખવું :** લોથપોથ કરવું
- **અદ્ધર રાખવું :** ઝંપીને ન બેસવા દેવું
- **અઘોર પડવું :** મરણ પહેલાંની હોય તેવી બેભાન સ્થિતિમાં આવી પડવું



SHOP NOW
DEMO COPY BOOKBIRD

- **માથું ધુણાવવું :** માથું હલાવીને વાત સમજી જવી
- **ગળગળા બની જવું :** દુઃખની લાગણીથી હૈયું ભરાઈ જવું
- **વાત માંડવી :** વાત શરૂ કરવી
- **પડખું સેવવું :** સહવાસ કરવો
- **કાળ ભરખી જવો :** મોત થવું, મરણ પામવું
- **પતાવી દેવું :** અંતિમવિધિ પૂરી કરવી
- **કાળજાના કટકા થવા :** અત્યંત દુઃખ થવું
- **પગ લથડવા :** વ્યવસ્થિત ન ચાલી શકવું
- **હીબકું હૈયામાં સંઘરવું :** રડવા પર સંયમ રાખવાં, ડૂસકાં હૃદયમાં સમાવી રાખવાં
- **હૈયાના ભાવ હોઠે લાવવા :** હૈયાની લાગણી શબ્દોમાં કહીને દર્શાવવી
- **આંખમાંથી પાણીનો રેલો નીકળવો :** આંખમાંથી આંસુ નીકળવાં, રડી પડવું
- **બાથ ભરીને ભેટવું :** આલિંગન આપવું
- **આનંદની લહેર ઊમટવી :** અતિશય આનંદ આવવો
- **અન્નજળે જોવું :** લેણદેણ હોય તો પ્રસંગમાં ઉપસ્થિત રહેવું
- **ખાંડ ખાવા જવું :** શુકન કરવા જવું
- **ફટાણાંની બઘડાટી બોલાવવી :** ફટાણાં ગાવાની સ્પર્ધા થવી
- **રેખા વાંકી થવી :** દુઃખની લકીર ન દેખાડવી
- **દેન હોવી :** હિંમત હોવી
- **કળી જવું :** જાણી જવું, ખબર પડી જવી
- **હૈયાને વધાવવું :** હિંમતની પ્રશંસા કરવી
- **રૂંગાને રોકવું :** રુદનને સંયમમાં રાખવું
- **વાણીની સરવાણી સુકાઈ જવી :** શબ્દોમાં રજૂ ન કરી શકવું
- **ગમ પડવી :** જાણ થવી, ખબર પડવી
- **કળા લાજવી :** કળા ઝાંખી થવી
- **રોંઢો ઢળવો :** મધ્યાહ્ન અને સાંજ વચ્ચેનો ચારેક વાગ્યાનો સમય થવો
- **હીબકાં હાલકલોલ થવાં :** સતત ડૂસકાં ન નીકળવાં, ધરતીમાં ધરબી ધરબીને કરુણાનાં
- **વના માંડવો :** વિવેક દર્શાવવો
- **ચક્ષ ભરવા :** આંસુ સારવાં
- **પરણ્યા રીત કરવી :** વિધિસર લગ્ન કરવાં

## અગાઉની પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નો

**1. નીચે આપેલ શબ્દ માટે રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો : પડો વજાડવો**

(a) ઢોલ વગાડવો (b) જાણ કરવી
(c) ખબર પડવી (d) જાહેરાત કરવી

**2. 'બારણે હાથી ઝૂલવા' રૂઢિપ્રયોગનો અર્થ આપો.**

(a) ખૂબ શ્રીમંત હોવું
(b) ગજા ઉપરાંતનો ખર્ચ કરવો
(c) ખૂબ ગરીબ હોવું
(d) હાથી પાળવો

**3. 'કાન ફૂંકવા' એટલે...**

(a) વાતમાં લક્ષ ન આપવું
(b) ગુસપુસ વાત કરવી
(c) હિંમત બતાવવી
(d) કાનભંભેરણી કરવી

**4. 'આડો આંક વાળવો' એટલે ...**

(a) છેવટની હદે જઈને વર્તવું
(b) સિદ્ધિ પ્રાપ્ત કરવી
(c) જીત હાંસલ કરવી
(d) નિષ્ફળ જવું

**1. (d) 2. (a) 3. (d) 4. (a)**

DEMO COPY
BOOK BIRD



SHOP NOW

SHOP NOW

# 3 વિરુદ્ધાર્થી શબ્દો

## અ

- અધિક × ન્યૂન
- અતિ × અલ્પ
- અપેક્ષા × ઉપેક્ષા
- અમર × મર્ત્ય
- અહીં × તહીં
- અનાથ × સનાથ
- અગોચર × ગોચર
- અળગું × જોડાયેલું
- અભ્યાસ × અનભ્યાસ
- અજ્ઞ × પ્રજ્ઞ
- અંકુશ × નિરંકુશ
- અનુભવી × બિનઅનુભવી
- અરિ × મિત્ર
- અર્પણ × સ્વીકાર
- અપયશ × કીર્તિ
- અણિયાળું × બુઠ્ઠું
- અદ્ય × કાલે
- અમૃત × વિષ
- અડગ × ચલિત
- અનહદ × સીમિત
- અભય × બીકણ
- અખંડ × ખંડિત
- અગ્ર × પૃષ્ઠ
- અગ્રજ × અનુજ
- અધિકારી × અનાધિકારી
- અમી × ઝેર
- અતીવ × અલ્પ
- અનુકૂળ × પ્રતિકૂળ
- અહંકાર × નિહંકાર
- અભિમાન × નિરાભિમાન
- અધ્યાપક × અધ્યેતા
- અગમ × નિગમ
- અભિનેતા × અભિનેત્રી
- અધોબિંદુ × શિરોબિંદુ
- અધ્યયન × અનધ્યયન
- અસ્ત × ઉદય
- અનુગામી × પુરોગામી
- અભિક્રોશ × કીર્તિગાન
- અસત્ય × સત્ય
- અનુસ્યૂત × વિઘટિત
- આલસી × ઉદ્યમી
- અમી × ગરીબ
- અમીન × અપતીજ
- અભિજાત × નિમ્ન
- અભિરૂપ × અયોગ્ય
- અનુદિત × ઉન્મેષિત
- અલીક × અભિરુચિ, પ્રિય
- અતૃપ્તિ × સંતૃપ્તિ
- અતિશય × અતિરિક્ત
- અધુના × અતીત
- અકર્મક × સકર્મક
- અગાઉ × પછી
- અલગારી × સ્થિર
- અસલ × નકલ
- અનુજ × અગ્રજ
- અનુદિન × ક્વચિત
- અભાગી × સુભાગી
- અનુજ્ઞા × અંકુશ
- અંકુશ × નિરંકુશ
- અંશ × છેદ

## આ

- આરોપી × ફરિયાદી
- આવડત × બિનઆવડત
- આંતર × બાહ્ય
- આરોપી × ફરિયાદી
- આપાકર્મી × બાપકર્મી
- આધાર × નિરાધાર
- આડકતરું × સીધું
- આવકારો × જાકારો
- આર્દ્ર × કઠોર
- આબાદ × પતન
- આઘાત × પ્રત્યાઘાત
- આઝાદ × ગુલામ
- આકરું × સરળ
- આઝાદી × ગુલામી
- આમંત્રણ × વિદાય
- આરંભ × અંત
- આસમાન × ધરતી

DEMO COPY BOOK BIRD



SHOP NOW

- ☞ ઠંડું × ગરમ
- ☞ સહેલું × અઘરું
- ☞ સ્વર્ગ × નરક
- ☞ આકર્ષક × અનાકર્ષક
- ☞ ડાહ્યાજન × મૂર્ખજન
- ☞ દયા × નિર્દયતા
- ☞ અનાચાર × આચરનારી
- ☞ પ્રાચીન × અર્વાચીન
- ☞ શાંત × અશાંત
- ☞ અભિમાની × નિરભિમાની
- ☞ કાબૂ × બેકાબૂ
- ☞ ઊંચા × નીચા
- ☞ આગ્રહ × દુરાગ્રહ
- ☞ રાજીપો × નારાજગી
- ☞ સંમતિ × અસંમતિ
- ☞ મેલોદાટ × ચોખ્ખો
- ☞ ઉઘાડાં × ઢાંકેલાં
- ☞ રાષ્ટ્રભક્તિ × રાષ્ટ્રદ્રોહ
- ☞ સમાનતાના × અસમાનતા
- ☞ પવિત્ર × અપવિત્ર
- ☞ યશ × અપયશ
- ☞ ઈમાનદાર × બેઈમાન
- ☞ ઘાટીલું × બેડોળ
- ☞ સ્મૃતિ × વિસ્મૃતિ
- ☞ સાવધ × અસાવધ
- ☞ આથમવું × ઊગવું
- ☞ મૃત × જીવિત
- ☞ ટૂંક × શ્રીમંત
- ☞ સંમતિ × અસંમતિ
- ☞ જુદાઈ × મિલન
- ☞ ઉન્નતિ × અવનતિ
- ☞ શત્રુ × મિત્ર
- ☞ ધરા × ગગન
- ☞ જ્ઞાની × અજ્ઞાની
- ☞ નીરોગી × રોગી
- ☞ તવંગર × ગરીબ
- ☞ સમાન × અસમાન
- ☞ સાક્ષર × નિરક્ષર
- ☞ મોહ × નિર્મોહ
- ☞ વહાલો × દવલો
- ☞ ટૂંકી × લાંબી
- ☞ પ્રવૃત્તિ × નિવૃત્તિ
- ☞ પ્રિય × અપ્રિય
- ☞ શુભ × અશુભ
- ☞ પાછલું × આગલું
- ☞ લાંબું × ટૂંકું
- ☞ શરમ × બેશરમ
- ☞ સદ્‌ભાગ્ય × દુર્ભાગ્ય
- ☞ મીઠાશ × કડવાશ
- ☞ સમજણ × ગેરસમજણ
- ☞ ચોખ્ખુંચટ × મેલુંદાટ
- ☞ સહ્ય × અસહ્ય
- ☞ સુંવાળું × બરછટ
- ☞ દરિદ્ર × અમીર
- ☞ સવાલ × જવાબ
- ☞ ધરતી × આકાશ

## અગાઉની પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નો

**1. 'અલ્પોક્તિ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ _______ છે.**

(a) બેઆબરૂ (b) પુરાતન (c) અત્યુક્તિ (d) વિતોદિત

**2. 'નેકી' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ _______ છે.**

(a) બદી (b) ભલાઈ (c) ભલમનસાઈ (d) બૂરાઈ

**3. 'ગૌણ' નો વિરુદ્ધાર્થી શબ્દ _______ છે.**

(a) પ્રધાન (b) છેલ્લું (c) સહાયક (d) ગુણ

**4. 'અલ્પાહારી'નો વિરુદ્ધાર્થી શબ્દ એટલે _______.**

(a) મિતાહારી (b) ખાઉધરું (c) શાકાહારી (d) મિતભાષી

**5. 'જયંતી'નું વિરોધી _______ .**

(a) જન્મદિન (b) જન્મતિથિ (c) સંવત્સરી (d) હારી જનારું

**6. વિરોધી અર્થવાળો શબ્દ લખો : 'સ્તુતિ'**

(a) નિંદા (b) વખાણ (c) સ્તોત્ર (d) નિદ્રા

**1. (c) 2. (a) 3. (a) 4. (b) 5. (c) 6. (a)**



DEMO COPY BOOK BIRD
SHOP NOW

SHOP NOW

# 4 શબ્દસમૂહ માટે એક શબ્દ

DEMO COPY BOOK BIRD

## અ

- અગ્નિની જ્વાળાઓનો સમૂહ : **નિર્ધૂમઅગ્નિ**
- અર્થને પ્રગટ કરનારું : **અર્થદ્યોતક**
- અમર કરે છે એવું માનવામાં આવતો એક દૈવી રસ : **અમૃત**
- અવધિ કે હદ બહારનું : **નિરવધિ**
- અતિ ગરમ કે ઠંડું નહીં એવું : **શીતોષ્ણ**
- અગ્નિની આંચ : **અગનઝાળ**
- અનાજ ભરવાનો ઓરડો : **કોઠાર**
- અનુમાન કરવા યોગ્ય : **ઉન્નેય**
- અતિ મુશ્કેલ કે મોટું કામ : **જગન**
- એકત્ર કરવું તે : **ઉપસંહાર**
- અગાઉ ન જોયું, જાણ્યું હોય એવું : **નવું**
- અદા કરવું તે : **અદાયગી**
- અધ્યયનમાં પાર ઊતરેલું : **પારંગત**
- અગ્નિ સ્વરૂપ પરમાત્મા : **મહાનલ**
- અધિકારી આગળ રજૂ કરાતી હકીકત : **કેફિયત**
- અસ્ખલિત વહેતી વાણી : **વાગ્ધારા**
- અનુશાસન કરનાર : **અનુશાસક**
- અલ્પ બળવાળી સ્ત્રી : **અબળા**
- અનાજ રાખવાની જગ્યા : **વખાર**
- અચ્છી તરેહથી કરેલી ગોઠવણ : **તાલમેલ**
- અક્ષરના માથાની રેખા : **શિરોરેખા**

## આ

- આજ્ઞા પાળનારું : **અનુવર્તી, આજ્ઞાકારી**
- આકાશમાં ઝબૂકતી વીજળી : **અચિરપ્રભા**
- આકાશમાં ફરનારું : **ખેચર**
- આશ્ચર્ય કે નવાઈ પામેલું : **ચમત્કૃત**
- આડીઅવળી નવરાશની વાતો : **ગપસપ**
- આજ્ઞા ન કરી શકાય તેવું : **અનાજ્ઞેય**
- આ લોક અને પરલોક સંબંધી : **ઐહામુષ્મિક**
- આવક અને ખર્ચના અડસટ્ટાનું સરવૈયું : **અંદાજપત્ર**
- આશ્રય-ઉપકાર કે ગરજને લીધે પરાધીન : **ઓશિયાળું**
- આહાર બંધ કરવો તે : **અનશન**
- આંબા પર પાકવા આવેલી કેરીઓ : **શાખ**
- આકાશ વાદળાં વિનાનું થઈ તડકો નીકળે તે : **ઉઘાડ**
- આ બાજુથી પેલી બાજુ : **આરપાર, સોંસરું**
- આનંદભર્યો કલબલાટ : **કિલકાર**
- આવ-જા માટેનું સ્થાન : **બંદર**
- આગળ ચાલનાર : **અગવો, ભોમિયો**
- આવવા-જવા પર પ્રતિબંધ : **સંચારબંધી**
- આંખમાં આંજવાની મેશ, કાળું : **કાજળ**



SHOP NOW

# અગત્યનાં પુસ્તકો

સંપર્ક કરોઃ 7575 8786 99




નજીકના બુક સ્ટોર તેમજ ઓનલાઇન ઓર્ડર કરી શકશો

SHOP NOW



- જેમાં પાન ખરે કે ગરે તે ઋતુ : **પાનખર**
- આનંદ સાથે લેવાતું ભોજન : **મિજબાની**
- બુદ્ધિના ઉપયોગથી ભરણપોષણ મેળવનાર : **બુદ્ધિજીવી**
- મહેમાનને આશ્રય આપનાર : **યજમાન**
- જીવનના છેલ્લા શ્વાસ સુધીની કેદ : **જન્મટીપ, આજીવન કેદ**
- જ્યાં કોઈની અવરજવર ન હોય તેવી જગ્યા : **એકાંત**
- રસાયણોનું જ્ઞાન આપનાર શાસ્ત્ર : **રસાયણશાસ્ત્ર**
- ઔષધો કેવી રીતે તૈયાર કરવાં તેની વિધિઓ બતાવનારું શાસ્ત્ર : **ઔષધશાસ્ત્ર**
- આશરો લેવાનું ઠેકાણું : **આશ્રયસ્થાન**
- હાથથી લખેલા અક્ષર : **હસ્તાક્ષર**
- સંવેદના વગરનું : **જડ**
- ખરાબ ચાલચલગતવાળી સ્ત્રી : **કુલટા**
- સંસારના વ્યવહારની રીત : **દુનિયાદારી**

DEMO COPY BOOK BIRD

## અગાઉની પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નો

**1. ‘વરસાદ લાવવા માટે ગવાતો રાગ’ શબ્દસમૂહ માટે એક શબ્દ એટલે ...**

(a) દીપક (b) ભૈરવી (c) મલ્હાર (d) જ્યોતિ

**2. ‘અંગૂઠા પાસેની આંગળી’ શબ્દસમૂહ માટે એક શબ્દ કયો ?**

(a) અનામિકા (b) તર્જની (c) વચલી (d) ટચલી

**3. જેની બુદ્ધિ સ્થિર છે તે - શબ્દસમૂહ માટે એક શબ્દ જણાવો.**

(a) સારથિ (b) દવન્યાલોક (c) ચિરસ્થાયી (d) સ્થિતપ્રજ્ઞ

**4. ‘અવાજ વગરનું’ - શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

(a) નિર્જન (b) નિષ્કારણ (c) નીરવ (d) મનોવિષ

**5. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : ‘શિવને અર્પણ થયેલું હોય તે’**

(a) શિવનિર્માલ્ય (b) શિવપ્રસાદ્દ (c) શિવપૂજન (d) શિવરાત્રિ

**6. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : ‘વર તરફથી કન્યાને અપાતી વસ્ત્રાદિની ભેટ’**

(a) વસંત (b) વસીલો (c) વસાઈ (d) વહાર

**7. ‘ઘણા લોકો ભેગા થયા હોય તે’ શબ્દસમૂહ માટે વપરાતો શબ્દ કયો સાચો ?**

(a) ટોળી (b) ટોળકી (c) ટોળું (d) ટોળાં

**8. ‘ટચલી આંગળી પાસેની આંગળી’ માટેનો એક શબ્દ કયો હોય ?**

(a) અનામિકા (b) મજલી (c) દ્વિતીય (d) અગ્રજ

**9. ‘જેની શરૂઆત નથી તેવું’ - એના માટે એક શબ્દ કયો ?**

(a) અનાદિ
(b) શરૂઆત વગરનું
(c) અંત્યેષ્ટિ
(d) અલૌકિક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. (c) | 2. (b) | 3. (d) | 4. (c) | 5. (a) | 6. (a) | 7. (c) | 8. (a) | 9. (a) |



SHOP NOW

# 5 તળપદા શબ્દોનું શિષ્ટરૂપ

## અ

- અધમણ : અરધો મણ, અડધો મણ
- અડાળી : રકાબી
- અચિરજ : અચરજ
- અનભે : નિર્ભય
- અવ : હમણાં
- અટાણે : અત્યારે
- અઢેલીને : અડીને
- અભેમાન : અભિમાન
- ઓઠું : પડદો
- અમથું : અમસ્તા
- અળગું : દૂર
- અવળું : ઊલટું

## આ

- આણી-પા : આ બાજુ
- આલું : આપું
- આઈ : મા
- આથમણું : પશ્ચિમ
- આળી : નરમ
- આવરો : આવક
- આદમી : માણસ
- આલવું : આપવું
- આકરું : કઠિન
- આફૂડું : એની મેળે

## ઇ

- ઈના : તેના

## ઈ

- ઈયાં : ત્યાં

## ઉ

- ઉગમણું : પૂર્વ
- ઉતારણ : ઉતારવું

## ઊ

- ઊનું : ગરમ
- ઊકલવું : વિદાય
- ઊચર્યું : બોલ્યું

## એ

- એમાન : ઈમાન

## ઓ

- ઓલીપા : પેલી બાજુ
- ઓળો : છાયો
- ઓરતા : ઈચ્છા
- ઓશિયાળું : લાચાર
- ઓસાણ : સ્મૃતિ
- ઓથ : આશરો
- ઓ’વ : હા, હકાર
- આં’ય : અહીં



SHOP NOW
SHOP NOW
DEMO COPY
BOOK BIRD

SHOP NOW



☞ ગિયા : ગયા
☞ કણે : તરફ
☞ નિહાળ : નિશાળ
☞ હારે : સાથે
☞ રાત-વરત : રાતના સમયે
☞ અહુર : સવાર
☞ કાં : શા માટે
☞ આંય : અહીં
☞ મલક : પ્રદેશ
☞ આલશે : આપશે
☞ ન્યાં : ત્યાં
☞ હાલ : ચાલ
☞ વ્હાલ : વહાલ
☞ ભેળાં : સાથે
☞ સૂરજ : સૂર્ય
☞ સાળુડો : સાડલો, સાડી
☞ ગયાં'તાં : ગયાં હતાં
☞ સૂનું : ઉજ્જડ
☞ ભણી : તરફ
☞ ધૂંસાંભૂસાં : છોડો, થૂલું
☞ રૂદિયામાં : હૃદયમાં
☞ કે'દુનો : કેટલાય દિવસનો
☞ પે'રે : પહેરે
☞ નાઠી : દોડી
☞ ઝાડવાં : ઝાડ, વૃક્ષો
☞ પેટડાં : પેટ (બ.વ.)
☞ ચોથું : ચોથા ભાગનું
☞ વસ્તર : વસ્ત્ર
☞ ઈસ્તરી : ત્રી
☞ મો'લાતું : મહેલાતો
☞ શિયાળવાં : શિયાળ (બ.વ.)
☞ વેળુ : રેતી

DEMO COPY BOOK BIRD

## અગાઉની પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નો

1. 'ભરમાંડ' શબ્દનું સાચું શિષ્ટરૂપ ______ છે.
   (a) ભરમાર (b) બ્રહ્માંડ
   (c) ભ્રમર (d) ભરવાડ

2. 'દોથો' તળપદા શબ્દનો માન્ય ભાષાનો શિષ્ટ શબ્દ કયો છે ?
   (a) મો (b) જંખના
   (c) ખોબો (d) જોયું

3. 'અનભે' શબ્દનું શિષ્ટરૂપ લખો.
   (a) નિર્ભય (b) ડરપોક
   (c) ભયભીત (d) કાયર

4. નીચેના તળપદા - શિષ્ટરૂપનાં જોડકાં પૈકી કયો વિકલ્પ ખોટો છે ?
   (a) વેંતબારી - નજીક (b) વેળા - સમય
   (c) વટે - ઓળંગે (d) વેળા - વળવું

5. નીચેના તળપદા - શિષ્ટરૂપનાં જોડકાં પૈકી કયો વિકલ્પ સાચો છે ?
   (a) અનભે - રૂવાડે (b) પેઠે - સાંજે
   (c) રાસ - મેળ (d) નથ - સ્પષ્ટ

6. આપેલા તળપદા શબ્દનું શિષ્ટરૂપ વિકલ્પમાંથી શોધો : 'લેખું'
   (a) હિસાબ (b) લખવું
   (c) લાખ (d) લડવું

**1. (b) 2. (c) 3. (a) 4. (d) 5. (b) 6. (a)**



SHOP NOW

SHOP NOW

# 6 કહેવતો

**:: કહેવતો - લોકોક્તિઓનો પરિચય ::**

**'કહેવત' - એટલે માનવજાતનું ડહાપણ, લોકજીવનના અનુભવમાંથી ઘડાયેલી સૂત્રાત્મક લોકોક્તિ. એમાં જીવનના અનુભવનો નીચોડ હોય છે. કહેવતમાં સમાજજીવનમાં રોજબરોજ બનતી ઘટનાઓ, પ્રસંગો સચોટ રીતે વ્યક્ત કરવામાં આવતાં હોય છે. અહીં અનુભવોને વ્યક્ત કરવા કોઈ ઉદાહરણ, સૂત્ર કે દૃષ્ટાંતનો સહારો લેવામાં આવે છે. કહેવતમાં શબ્દ જાણે વાક્ય બની ગયેલ હોય છે. અને એની પાછળ દલીલ કે દૃષ્ટાંત હોય છે. દરેક કહેવત એનો એક આગવો ઇતિહાસ, એક નાની વાર્તા લઈને આવે છે.**

## સમાન અર્થવાળી કહેવતો

- **અધૂરો ઘડો છલકાય ઘણો :** ખાલી ચણો વાગે ઘણો
- **ઉતાવળે આંબા ન પાકે :** ધીરજનાં ફળ મીઠાં
- **કાંકરે કાંકરે પાળ બંધાય :** ટીપેટીપે સરોવર ભરાય
- **પડી ટેવ તે ટળે નવ ટાળી :** કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી
- **ભસતો કૂતરો કરડે નહીં :** ગાજ્યા મેહ વરસે નહીં
- **બે હાથ વિના તાળી ન પડે :** ઝાઝા હાથ રળિયામણા
- **બોલે તેનાં બોર વેચાય :** માગ્યા વિના તો માય ના પીરસે
- **ખાડો ખોદે તે પડે :** હાથનાં કર્યાં હૈયે વાગે
- **બળિયાના બે ભાગ :** મારે તેની તલવાર
- **દાઝ્યા પર ડામ :** પડ્યા પર પાટું
- **સોડ તેવા સાથરો :** ચાદર પ્રમાણે પગ લંબાવવા
- **વાવે તેવું લણે :** કરે તેવું પામે
- **ભેંસ આગળ ભાગવત :** અંધા આગળ આરસી
- **ઊજળું એટલું દૂધ નહીં :** પીળું એટલું સોનું નહીં
- **ત્રેવડ ત્રીજો ભાઈ છે. :** એક કસર સો સફર
- **વિશ્વાસે વહાણ ચાલે :** વિશ્વાસ જીવનનો શ્વાસ છે
- **બુદ્ધિ આગળ બળ પાણી ભરે :** કામ કળથી થાય, બળથી નહિ
- **સંગ તેવો રંગ :** સોબત તેવી અસર
- **પારકી આશ સદા નિરાશ :** જાત મહેનત ઝિંદાબાદ, આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય
- **જાત વિના ભાત ન પડે :** આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય
- **એકડા વગરનાં મીંડાં નકામાં :** ધણી વગર ઢોર સૂનાં
- **કર્યાં તે કામ ને વીંધ્યું તે મોતી :** મુલતવી રાખવાનાં મીઠાં ફળ
- **છાશ લેવા જવું ને દોણી સંતાડવી :** નાચવા જવું ને ઘૂમટો તાણવો
- **નામ મોટાં ને દર્શન ખોટાં :** ઢમ ઢોલ માંહે પોલ, મૂછે ચોપડવા તેલ નહીં ને ડેલિયે દીવા કરો
- **જમવામાં જગલો ને કૂટવામાં ભગલો :** કરડે માંકડ ને માર ખાય ખાટલો
- **હાથનાં કર્યાં હૈયે વાગવાં :** દીવો લઈને કૂવામાં પડવું
- **ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર :** વહેલા ઊઠ્યા ને ભૂલા પડ્યા



SHOP NOW

BOOK BIRD Educational Institute
Publication | Academy | Library

# બુક બર્ડ એકેડમી

PSI-ASI · તલાટી · CONSTABLE · GPSC · બિનસચિવાલય ક્લર્ક

- ડેઈલી ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન
- અનુભવી અને નિષ્ણાત ફેકલ્ટી
- સચોટ અને અપ-ટુ-ડેટ મટીરિયલ
- સ્વતંત્ર પબ્લિકેશન અને યુટ્યુબ ચેનલ
- ઓફલાઈન તેમજ ઓનલાઇન શિક્ષણની સુવિધા

## નવી બેચ શરૂ...

## સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે



Download Book Bird App

GET IT ON Google Play

- દરરોજ કરન્ટ અફેર્સ (તદ્દન ફ્રી)
- પ્રેક્ટિસ માટે ક્વિઝ, સમજૂતી સહિત (કરન્ટ ક્વિઝ)
- ઓનલાઇન મોક ટેસ્ટ (રિઝલ્ટ, રેંક અને સમજૂતી સહિત)
- ઓનલાઇન વીડિયો કોર્સ
- પ્રિન્ટેડ મટીરિયલ + વીડિયો ડાઉનલોડ સુવિધા
- લાઇવ ક્લાસિસ (ફેકલ્ટી સાથે સીધો સંવાદ)
- સમય અને પૈસાની મોટી બચત

## માહિતી મેળવવા કોલ કરો: 7575 8786 99

**ગાંધીનગર(મુખ્ય બ્રાન્ચ)**
"બુક બર્ડ એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂટ",
અશ્વમેધ કૉમ્પ્લેક્સ, સરગાસણ ચાર રસ્તા,
ગાંધીનગર-382421
7575 8786 61

| હિંમતનગર | મહેસાણા | વિદ્યાનગર |
|---|---|---|
| 7575 8786 63 | 7575 8786 64 | 7575 8786 65 |
| નિકોલ, અમદાવાદ | પાલનપુર | આશ્રમરોડ, અમદાવાદ |
| 7575 8786 66 | 7575 8786 67 | 7573 0090 61 |

| ધોરાજી | રાજકોટ | મોડાસા | ઈડર | ડીસા | સુરેન્દ્રનગર | લુણાવાડા |
|---|---|---|---|---|---|---|
| 75730 09062 | 75730 09063 | 75730 09064 | 75730 09065 | 75730 09066 | 75730 09067 | 75730 09068 |

## ધોરણ - 5 થી 12 નાં પાઠ્યપુસ્તક આધારિત

- **કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ :** સાવ ઉજ્જડ, જ્યાં ઝાડ-પાન જોવા ન મળે.
- **કપાસિયા ભરે કોઠી થોડી ફાટી જાય? :** હલકી વસ્તુ સમાવવી ક્યાંય પણ સમાવી શકાય છે.
- **આપણે વેત નમીએ તો કોઈ હાથ નમે :** કોઈની સાથે આપણે સહેજ સારો વ્યવહાર કરીએ તો એ વ્યક્તિ આપણી સાથે એથીયે વધારે સારો વ્યવહાર કરે.
- **ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન :** બહુ સારી વસ્તુ ન મળે ત્યાં ઓછી ખરાબ પણ સારી ગણાય.
- **વાઢ કાન ને આય સાન :** પ્રસંગ પડે માણસને ભાન થવું, પશ્ચાત્તાપ થવો.
- **આજની ઘડી ને કાલનો દિ :** કાયમને માટે અદૃશ્ય થઈ જવું.
- **દશેરાએ ઘોડું ન દોડવું :** ખરે સમયે ઉપયોગમાં ન આવવું
- **મામાનું ઘર કેટલે તો દીવો બળે એટલે :** થોડા વખતમાં જ ખબર પડી જવી
- **ખાયા સો ખોયા, ખિલાયા સો પાયા :** ખાધું તે ગુમાવ્યું પણ ખવરાવ્યું તે પ્રાપ્ત કર્યું, જાતે ઉપભોગ ન કરતાં બીજાને ખવરાવીને રાજી થવા માટેનો મંત્ર (तेन त्यक्तेन भुज्जिया:)
- **મા તે મા, બીજા બધા વગડાના વા :** માની સરખામણી અન્ય સાથે થઈ ન શકે
- **પાકે ઘડે કાંઠા ન ચડે :** જે કામ કરવાનું હોય એ યોગ્ય સમયે ન કરતાં સમય વીતી ગયા પછી કરવામાં આવે તો એ પ્રયત્ન વ્યર્થ નીવડે.
- **ભસતાં કૂતરાં કરડે નહીં :** બહુ મોટી વાતો કરનારા સમય આવે કશું કરી શકતા નથી.
- **તરસ લાગે ત્યારે કૂવો ખોદવા બેસાય છે ? :** સંકટ આવી પડે ત્યારે ઉપાય શોધવાથી શું વળે ?
- **जहां चाह वहां राह :** ઈચ્છા હોય તો રસ્તો આપો આપ મળે
- **હિંમતે મર્દા તો મદદે ખુદા :** જે સાહસ કરે છે તેને પરમાત્મા મદદ કરે છે.
- **ધારે તે પામે :** ઈચ્છા હોય તો મળે
- **બાવાનાં બેય બગડવાં :** બંને બાજુએ પરિસ્થિતિ બગડવી
- **દેખવું નહિ ને દાઝવું ય નહિ :** જોવું પણ નહિ, ને એથી એની ચિંતા પણ ન થવી.
- **એક ઘા ને બે કટકા :** તડ ને ફડ જવાબ અને નિકાલ (ઝડપી નિર્ણય ને નિકાલ)
- **નહિ મામા કરતાં કહેણા મામા સારા :** મામા હોય ત્યારે કહેવા (કહેવાના) મામા પણ સારા
- **નહીં ઘરના કે નહીં ઘાટના :** ન આ બાજુના કે ન તે બાજુના

### અગાઉની પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નો

**1. કહેવતનો અર્થ લખો : 'ડુંગરા દૂરથી રળિયામણા'**

(a) દૂરથી બધું સુંદર દેખાય
(b) માત્ર ડુંગરા જ સુંદર દેખાય
(c) ડુંગરા નજીકથી ન જોવાય
(d) નજીકથી સુંદરતા જ દેખાય

**2. 'ઉપર-તળે થઈ જવું' આ કહેવતનો અર્થ છે.**

(a) આનંદમાં આવવું
(b) સંઘર્ષમાં ઊતરવું
(c) ખૂબ અધીરા બની જવું
(d) ઉમંગમાં આવી જવું

**1. (a)   2. (c)**



DEMO COPY
BOOK BIRD
SHOP NOW

SHOP NOW

# 7 શબ્દભેદ : અર્થભેદ

DEMO COPY BOOK BIRD

- **સર** : સરોવર
  **શર** : બાણ
- **સરત** : નજર
  **શરત** : હોડ
- **સત** : સત્ય
  **શત** : સો
- **કેસ** : મુકદ્દમો
  **કેશ** : વાળ
- **શાર** : છિદ્ર
  **સાર** : કસ
- **સૂર** : નાદ
  **શૂર** : જુસ્સો
- **મંજૂરી** : પરવાનગી, સંમતિ
  **મજૂરી** : શારીરિક કામ, તેને પેટે મળતી રકમ
- **ટૂંક** : ટૂંકાણ, સંક્ષેપ
  **ટૂંક** : (પર્વતનું) શિખર
- **કઈ** : પ્રશ્નવાચક શબ્દ
  **કંઈ** : જે નિશ્ચિત ન હોય તે, કંઈક
- **સાંભરવું** : યાદ આવવું
  **સાંભળવું** : શ્રવણ કરવું
- **દીન** : ગરીબ, નિર્ભય, ભયભીત, લાચાર
  **દિન** : દિવસ, દહાડો, નસીબ, તિથિ, મિતિ
- **હોશ** : ભાન, શુદ્ધિ, ઉત્સાહ, ઉમંગ, શક્તિ
  **હોંશ** : ઊલટ, ઉમંગ
- **રવિ** : સૂર્ય
  **રવી** : રબી પાક, શિયાળુ પાક, ઝાકળ
- **ચોરી** : પારકાનું છૂપી રીતે લઈ લેવું
  **ચોરી** : વરકન્યા પરણવા બેસે તે મંડપ
- **પાણી** : જળ
  **પાણિ** : હાથ
- **ગુણ** : સદ્‌ગુણ
  **ગૂણ** : થેલો, કોથળો
- **ચિર** : લાંબું (સમય માટે)
  **ચીર** : વસ્ત્ર
- **ઉદર** : પેટ
  **ઉંદર** : મૂષક
- **ગોળ** : ગોળાકાર
  **ગોળ** : શેરડીના રસને ઉકાળીને બનાવાતો ખાદ્યપદાર્થ
- **મોર** : એક પક્ષી, મયૂર
  **મોર** : આંબાની મંજરી
- **શાન** : ભભકો, છટા
  **સાન** : સમજણ, અક્કલ
- **સાંભળવું** : શ્રવણ કરવું
  **સાંભરવું** : યાદ આવવું
- **ગાડું** : એક વહાન
  **ગાંડું** : નાદાન, મગજનું ચસકેલું
- **ચોમાસુ** : ચોમાસાને લગતું
  **ચોમાસું** : વર્ષાઋતુ
- **ઝાડુ** : મોટો સાવરણો
  **જાડું** : ભરાવદાર

SHOP NOW

# 8 અશુદ્ધ - શુદ્ધ શબ્દો

| અશુદ્ધ શબ્દો | શુદ્ધ શબ્દો |
|---|---|
| જલ્દી | જલદી |
| રેલ્વે | રેલવે |
| મિલ્કત | મિલકત |
| આયુવેદ | આયુર્વેદ |
| ઉતારૂ | ઉતારુ |
| ઉપીયોગી | ઉપયોગી |
| કિલ્લોલ | કલ્લોલ |
| ઓગષ્ટ | ઑગસ્ટ |
| ઓકટોમ્બર | ઑક્ટોબર |
| ગૃપ | ગ્રુપ |
| ઘેરહાજર | ગેરહાજર |
| પરાકાષ્ટા | પરાકાષ્ઠા |
| જાગ્રતિ | જાગૃતિ |
| ગણત્રી | ગણતરી |
| પૃથ્થકરણ | પૃથક્કરણ |
| મનોરમ્ય | મનોરમ |

| અશુદ્ધ શબ્દો | શુદ્ધ શબ્દો |
|---|---|
| પ્રસંશા | પ્રશંસા |
| રુબરુ | રૂબરૂ |
| શિરિષ | શિરીષ |
| ટૂકડો | ટુકડો |
| જીલ્લો | જિલ્લો |
| ચુંટણી | ચૂંટણી |
| પત્થર | પથ્થર |
| શ્રેષ્ટ | શ્રેષ્ઠ |
| વ્યાજબી | વાજબી |
| ડાભૂં | ડાબું |
| તૃતિય | તૃતીય |
| નિરસ | નીરસ |
| નિરાભિમાની | નિરભિમાની |
| નીતિવાન | નીતિમાન |
| શિર્ષક | શીર્ષક |
| સહસ્ત્ર | સહસ્ર |
| સુશ્રૂષા | શુશ્રૂષા |

DEMO COPY
BOOK BIRD

# જોડાઓ બુક બર્ડ એપના ઓનલાઇન કોર્સમાં...

**LIVE BATCH** | **VIDEO COURSE**

- GPSC Class 1/2
- ક્લાસ-3 જનરલ
- તલાટી/જુનિયર ક્લર્ક
- કોન્સ્ટેબલ
- બિન સચિવાલય ક્લર્ક
- PSI-ASI
- MPHW & FHW
- ગ્રામસેવક

**Book Bird**
Android App

GET IT ON Google Play

ઍપ્લિકેશન ડાઉનલોડ કરવા
QR-Code સ્કૅન કરો



**7575 8786 99**
**75730090 82 | 83 | 84 | 85**

જોડાઓ બુક બર્ડના
લાઇવ કોર્સ સાથે અને મેળવો
આકર્ષક ડિસ્કાઉન્ટનો લાભ
તો આજે જ Book Bird App Download કરો

**ગાંધીનગર(મુખ્ય બ્રાન્ચ)**
"બુક બર્ડ એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂટ",
અશ્વમેધ કૉમ્પ્લેક્સ, સરગાસણ ચાર રસ્તા,
ગાંધીનગર-382421
7575 8786 61

| હિંમતનગર | મહેસાણા | વિદ્યાનગર |
|---|---|---|
| 7575 8786 63 | 7575 8786 64 | 7575 8786 65 |
| નિકોલ, અમદાવાદ | પાલનપુર | આશ્રમરોડ, અમદાવાદ |
| 7575 8786 66 | 7575 8786 67 | 7573 0090 61 |

| ધોરાજી | રાજકોટ | મોડાસા | ઇડર | ડીસા | સુરેન્દ્રનગર | લુણાવાડા |
|---|---|---|---|---|---|---|
| 75730 09062 | 75730 09063 | 75730 09064 | 75730 09065 | 75730 09066 | 75730 09067 | 75730 09068 |